## આત્માનો સગો

• રાગ માઢ–તાલ લાવણી–હીંચ •

મારા આત્માનો સગો તું નાથ! સાહ્ય રે :
 મારું મન તુંહીં તુંહીં તુંહીં તુંહીં થાય!
મને મૂકીને તું ક્યાં ન કદી જાય રે :
 મારું મન તુંહીં તુંહીં તુંહીં તુંહીં થાય!–(ધ્રુવ)

અંગનાં સગાં સૌ મારાં દૂર થયાં કે
 પાસે રહ્યાં ન પરખાય :
હૈયું રડી રડી આખર ઠર્યું આ,
 સાચો સગો તો તું જ થાય રે!
 મારું મન તુંહીં તુંહીં તુંહીં તુંહીં થાય! ૧

માટીની મૂર્ત્તિ ને વેળુનાં વહાલુડાં,
 દુનિયા ભરી ભરમાય :
ચિત્તનાં ચેતન નહીં અજવાળે આંખને,
 તેને તું કેમ દેખાય રે?
 મારું મન તુંહીં તુંહીં તુંહીં તુંહીં થાય! ૨

તેની રાખ અમારા શરીર પર ચોળી છે, અર્થાત્ જગતના બાહ્ય પદાર્થમાં અમને જરા રસ રહ્યો નથી. અમારી સર્વ વૃત્તિઓ કેવળ ઈશ્વર તરફ જ વળી છે.

કડી ૬. જગતરૂપી વસ્ત્ર અમારે શા કામનું છે ? એ પહેરવાથી તો ઉલટું અમારૂં શરીર મેલું બને. અમને તો એ વસ્ત્રના પહેરનાર–પ્રભુ–તરફ પ્રેમ છે. જગતની ઉપાધિમાં પડવાથી અમારો આત્મા હીન બને. અમને તો જગતના સર્જક ને ચાલક તરફ જ પ્રીતિ છે. પ્રેમી પ્રિયાનાં વસ્ત્રો નથી જોતો, એને તો પ્રિયાનાં જ દર્શન કરવાં હોય છે, તેમ અમારે ઈશ્વરકૃત જગત નથી જોઈતું, પણ જગત્કર્તા ઈશ્વર જ જોઈએ છે.

કડી ૮. હદ છોડીને એટલે આ સાન્ત જગત તજીને અમે બેહદમાં–અનન્તતામાં–પ્રભુમયતામાં–ગયા. એ અનુભવ વર્ણવી શકાય એવો નથી. તમે ડાહ્યાં હો, દુનીયાદારીનાં માણસ હો, તો અમારા જેવા ઈશ્વર પાછળ પાગલ બનેલાઓના સાથમાં ન આવશો.

પૃષ્ઠ ૯. **રસરેલ.** सर्वं खल्विदं ब्रह्म–આ બધું જ બ્રહ્મ છે. એનાથી ભિન્ન એવું કંઈ જ નથી. જે જે દેખાય છે તે સર્વની પાછળ એક જ અખંડ આત્મતત્ત્વ રહેલું છે.

કડી ૨. એકતાની ભાવનાના રસે આખી ખલક–દુનિયા ભીંજાઈ રહી છે ત્યાં કોઈ પણ પ્રકારની ભિન્નતા રહી નથી. આંખ ભલે કરોડ છે પણ તે એક જ તેજનું ગ્રહણ કરે છે, તેવી રીતે દુનિયામાં દેખાય છે કરોડ જુદી જુદી વસ્તુએ પણ તે સર્વની પાછળ રહેલું તત્ત્વ તો એક જ છે.

કડી ૯. એ બ્રહ્મરસમાં–આત્મૈક્યભાવના રસમાં જે પૂરેપૂરા ડૂબી ગયા અર્થાત્ જેને એનો સંપૂર્ણ રીતે અનુભવ થયો તે જ આ સંસારને તરી ગયા.

કડી ૧૦. દેહને લીધે 'મારૂં તારૂં' આદિ ભેદભાવ પ્રવર્તે છે. એ દેહાભિમાન ખસેડીને જુઓ તો માલુમ પડશે કે આ બધું જ બ્રહ્મસ્વરૂપ છે. અને એ અનુભવ થયા પછી કોણ કોનાથી જુદું રહી શકશે ?

પૃષ્ઠ ૧૦. **આત્માનો સગો.** અંગનાં એટલે કે પાર્થિવ સંબંધનાં સગાંઓ દૂર છે કે પાસે છે તે પણ મારાથી પરખાતું નથી. તું જ મારા આત્માનો સગો છે અને મારૂં હૃદય તારૂં જ સગપણ કબૂલ કરે છે. તું મને મૂકીને ક્યાંય નહિ જાય એવી મને ખાતરી છે.

કડી ૨. માટીનું બનેલું આ સ્થૂળ શરીર ને રેતીનાં બન્યાં હોય એવાં જૂઠાં સગાંવહાલાંઓમાં વિશ્વાસ રાખીને આખી દુનિયા ભ્રમણામાં પડી છે.

ઊડતા આવે છે ને એના દૂધ વડે પોતાના શરીરને ઉજ્જ્વલ બનાવે છે, ને યથેચ્છ મોતીનો ચારો ચરે છે.

કડી ૭–૮. હે ઉચ્ચ પ્રદેશના વાસી હંસલા, પ્રભુના અંશરૂપ જીવાત્મા, તારે તે જગતના વિષયોરૂપી શેવાળ ચરવાની હોય ? એમાં તો કંઈ તત્ત્વ નથી. તારાં ખરેખરાં ભક્ષ્ય–ખોરાક તો આ રસે ભર્યાં મોતી ને દૂધ છે. તું કેવળ સુધામય અર્થાત્ અમૃત તત્ત્વથી બનેલો છે, તારું તેજ અપાર્થિવ છે. માટે તું જ્ઞાન–ચેતનરૂપી દૂધ ઝીલીને પુણ્યકૃત્યરૂપી મોતીનો ચારો ચરી એના દિવ્ય તેજથી દીપતો આધ્યાત્મિકતાના ઉચ્ચ પંથે ઊડ્યો જા.

પૃષ્ઠ ૩૨. **દિવ્ય પ્રતિબંધ.** મારી પાસે અનેક પ્રકારની સંપત્તિ છે, તોયે પગલે પગલે મને અંતરાયો કેમ નડે છે ?

કડી ૨–૩. મારે માટે આ અનંત ને ઊંડું આકાશ ઊડવા માટે છે. છતાં દિશાના છેડા જોઇ હું ડરી શા માટે જાઉં છું ? હૃદયમાં ઊંડેઊંડે અદ્ભુત આશા રહેલી છે, પણ એના તંતુ તૂટી કેમ જાય છે ? અલૌકિક સ્વપ્નોમાં હું રમી રહું છું, તો પણ નસીબમાં આ ભરે મારે આ પૃથ્વીની ધૂળ જ કેમ રહે છે ? મારા મુખ પર સુંદર સ્મિત ફરકી રહે છે, છતાં હૈયામાં આ કયા કાંટા ભોંકાય છે ? અર્થાત્ હું શુદ્ધ, મુક્ત સ્વતંત્ર આત્મતત્ત્વ છું, છતાં આ જડ જગતનાં બંધનો મને કેમ બાંધી રહ્યાં છે ?

કડી ૫. મારે પગલે પગલે તારા દિવ્ય પાશો–તારી માયાનાં અલૌકિક બંધનો રહ્યાં છે, તેમ છતાં મારો આત્મા પોતાની પાંખ વીંઝે છે. ઉચ્ચ આધ્યાત્મિક પ્રદેશમાં ઊડવા એ પ્રયત્ન કરી રહ્યો છે. તારા ગગનમાં પ્રેમના પાવક પ્રજળે છે, છતાં આ કઇ શક્તિ મારી આંખને ઢાંકી રહી છે ? ઈશ્વરનો પ્રેમપ્રવાહ અખંડ વહી રહ્યો છે, છતાં માયા મનુષ્યની દૃષ્ટિને આવરી રહી છે.

પૃષ્ઠ ૩૪. **કમળતલાવડીનો હંસલો.** કમલોથી ભરેલી તલાવડી આગળ હંસ ઊભો રહ્યો છે. કમલો પર ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે ને હંસ પોતાની પાંખ બીડી તલાવની, કમલની ને ભ્રમરની સુંદરતા પર મુગ્ધ થઇ ઊભો રહ્યો છે.

કડી ૪. પણ આ સર્વ સૌન્દર્ય ક્ષણજીવી છે. એક ઘડીમાં મનને મોહ પમાડી એ ઊડી જાય છે. પણ હંસ આંખ મીંચી ઊભો રહ્યો છે તેને ખબર નથી કે આ સુંદરતા ક્યાં સુધી ટકશે ? પાર્થિવ વિષયોની મોહિનીથી મુગ્ધ બનેલો જીવ જાણતો નથી કે એ સૌ ક્યાં સુધી ટકશે ?

કડી ૬. કમળતલાવડી પર ઊભા રહેલા હંસ ! પાર્થિવ વિષયોના આકર્ષણમાં ભમી રહેલા જીવાત્મા ! તારી આંખો ખોલ, સાચું જ્ઞાન મેળવ ! ભલે

તું જ જુદા જુદા સ્વરૂપે જગતમાં આવ્યો. પણ એ નામ ને રૂપ–સંસારના પદાર્થો–મનના માયારૂપી કૂવામાં જઈને બંધાઈ પડ્યાં. પણ હૃદયમાં હું ભક્તિભાવની એવી જબરી ભરતી ચઢાવું ને તારી લગની એવી લગાડું કે માયા ધીરે ધીરે મનમાંથી હઠતી જશે ને મન હાલ માયામય છે તે પછી હરિમય થઈ રહેશે.

પૃષ્ઠ ૪૬. **માયાની લગની.** કડી ૧. હે જીવ ! તારું મન માયા વડે આકર્ષાઈ ગયું છે. પણ આ માયામય જગતની આશા ક્યાં લગી કરવી ? માયા એ જ માતા રૂપે ભેદભાવને જન્માવે છે ને પત્નીરૂપે એ જ માયા તને આકર્ષી રહી છે. આખો સંસાર એ માયાની જ ઉત્પત્તિ છે. એવી એ માયા મોહક ને મોટી ઠગારી છે.

કડી ૫–૯. ફૂલ તરફ ભમરો ખેંચાય છે, પણ આ મનરૂપી ભમરો તો જેની હયાતી જ નથી એવા આકાશપુષ્પમાં બંધાઈ ગયો છે. જૂઠી માયામાં ગૂંચવાઈ ગયો છે. અને દિવસે પણ એને અંધકાર લાગે છે. આત્માનો પરમ પ્રકાશ છતાં તમોગુણને લીધે અજ્ઞાનના તિમિરમાં એ ગોથાં ખાય છે. જ્યારે આત્મ અને અનાત્મનો, અર્થાત્ ચેતન ને જડનો, સત્ય ને અસત્યનો ખરો વિવેક થાય, બંને વચ્ચે રહેલો ભેદ પરખાય, ત્યારે સત્ત્વ રજસ ને તમસ એ ત્રણે ગુણની ઉપાધિ છૂટી નિસ્ત્રૈગુણ્યનો પંથ પકડાય ને પદે પદે મુંઝવતી માયાની ભ્રમણામાંથી છુટકારો પમાય. જન્મ ને મૃત્યુ વચ્ચેનું આ સંસારમાં દેખાતું જીવન એ તો સમુદ્રના મોજાના ફીણ જેવું તત્ત્વહીન ને જૂઠું છે. મીણબત્તીમાં જે પ્રકાશ દેખાય છે તે જ્યોતિ કંઈ મીણ નથી. તું જેને તારી પોતાની માની રહ્યો છે તે જગતની માયા તો જૂઠી છે.

પૃષ્ઠ ૪૮. **પડછાયા.** તું જે આ બાહ્ય ઉપાસના આદિથી દેવ રીઝવવા પ્રયત્ન કરી રહ્યો છે તે ખોટા છે. એ મૂળ વસ્તુ નથી, પણ પડછાયા છે મનને મોહ પમાડનારી એ જૂઠી માયા છે.

કડી ૨. ધોબી જેમ કપડાંની ગાંસડી ઉપાડી જાય છે પણ એ તો પારકા કપડાં હોય છે એમાં એનું કંઈ હોતું નથી, તેમ તેં પણ આ જીંદગીનો જૂઠો ભાર ઊંચકી લાંબી મજલ કાપી ને બળતા રણમાં ચાલ્યો, પણ એમાં સાચું તત્ત્વ કંઈ નથી.

કડી ૫. તત્ત્વચિન્તન ને ફિલસુફીની મિથ્યા વાતો છોડી દે. બહારથી દેખાડવાને ટીલાંટપકાં કર્યાં છે એ ટપકાં નથી, પણ માયાનાં ટપલાં ખાવા જેવાં છે. ખોટા ધખારા છે. તે લૂંછી નાખ. પળે પળે ફેરવાતી છાયા જૂઠી છે. મૂળ

વસ્તુ તો જુદી જ છે, તેમ તારી આ બાહ્ય ઉપાસના પૂજા અર્ચના ફિલસુફી એ સૌ કેવળ ચાળા છે. એ છોડીને સાચો ભક્તિભાવ ગ્રહણ કર.

પૃષ્ઠ ૫૭. **માધુરી.** હે પ્રભુ, તેં કેવું માધુર્ય આ જગત પર ઉતાર્યું છે! રસની કેવી રેલ વહાવી છે! દશે દિશાને ભરી દેતી તારી કૃપાની ધારા કેવી વરસી રહી છે! ડોકમાં ગુલાબનાં ઝૂમખાં ઝુલાવતી હોય તેવી ગુલાબી રંગની ઉષા આકાશમાં ઘડીભર ચમકી રહે છે. તેના સૌન્દર્યનું હું પાન કરવા જાઉં છું એટલામાં તો એ સરકી જાય છે. પાછળ સોનેરી ચમરી ચમકાવતો તેજબાલ સૂર્ય પધારે છે. એના સુવર્ણ સમા કિરણોની રજ હું ખોબેખોબે ઝીલવા જાઉં છું પણ મારો ખોબો ખાલી જ રહે છે. લાલ કમળનાં બનાવેલાં તોરણો ટાંગતી સંધ્યા ઘડીભર આકાશમાં આવે છે. એના સૂરો હું અંતરમાં ઝડપી લઉં છું પણ એટલામાં કોણ જાણે એ ક્યાં અદૃશ્ય થઈ જાય છે! અંતે લાખો ટીલીટપકીનો તારે મઢયો સાળુ પહેરી રાત્રિ પધારે છે. એ સાળુ હું હૈયા સરસો ચાંપું છું તો એનાં તીર ભોંકાય છે ને હૃદય એ વ્રણોમાંથી-ઘામાંથી રુધિર ઝરે છે! આ સર્વ વેદના એ તારી જ દીધેલી વિરલ ભેટ છે. એને હું હૃદયમાં સંઘરી રાખું છું ને એને તારી કૃપા માની આનન્દિત રહું છું.

પૃષ્ઠ ૬૧. **જીવનઘાટના ઘા.** પ્રભુ, તું મને ઘા પર ઘા મારી રહ્યો છે, એક પછી એક વેદના મોકલી રહ્યો છે, પણ એ ઘા મારા જીવનને ઘડી રહ્યા છે—સુધારી રહ્યા છે—એમ માની એને ફૂલ સમા ગણી હું વધાવી લઉં છું. દુઃખાનુભવથી હૃદય આર્દ્ર થઈ ભક્તિભાવે તારા તરફ વળશે એમ માની હું સર્વ વિપત્તિઓને સહર્ષ સ્વીકારી લઉં છું.

કડી ૪. લોખંડ પર કાટ ચઢયો હોય છે ત્યારે જેમ કાનસ ફેરવી એ કાટ કાઢી નાખવામાં આવે છે તેમ મારા હૃદય પર લાગેલો માયા વાસના આદિનો કાટ તેં મોકલેલી વિપત્તિરૂપી કાનસ વડે સાફ થઈ રહ્યો છે. વિપત્તિ સહન કરીકરીને મારું હૃદય નિર્મળ થઈ જશે. અને પછી જેમ પારસમણિનો સ્પર્શ થતાં લોખંડ સુવર્ણ બની જાય છે તેમ તારી ભક્તિનો પારસમણિ મારા હૃદયને અડકતાં એ શુદ્ધ સુવર્ણરૂપ અર્થાત્ કેવળ ચૈતન્યરૂપ ઈશ્વરમય થઈ જશે, એવી મને શ્રદ્ધા છે.

પૃષ્ઠ ૬૩. **અનુભવ.** જેને દુઃખનો અનુભવ થયો હોય તે જ દુખિયાની સ્થિતિ સમજી શકે છે. સુખી પુરુષો એની કલ્પના કરી શકતા નથી.

કડી ૩-૪-૫. જ્યાં છ છ મહિના સુધી રાત રહે છે ને ધ્રૂજાવી નાખે એવી ઠંડી પડે છે ને કોઈ પણ ઉપાયથી તે અટકતી નથી એવા ધ્રુવ પ્રદેશના સંકટનો ખ્યાલ બીજા પ્રદેશમાં રહેનારા લોકોને આવતો નથી. દિલમાં ભડકા ઊઠે છે ને

તારાં અંધારાં આ તે કેવાં રે... ... ... ... ૯૭
તારાં સ્વર્ગને શું કરું, નાથ હો ... ... ... ૨૫
તારી તે મહેર, મારા માલિક! છે કેવી રે ... ... ૧૨૩
તારું આપ્યું હું લઈને શું કરું ... ... ... ૧૨૫
તારું નાવ આ ચાલ્યું જાય ... ... ... ... ૩૭
તારો યોગ ક્યાં સાધું, નાથ હો ... ... ... ૮૦
દુઃખનાં દાઝયાં દિલ તે દાઝે... ... ... ... ૬૩
દૂધે ભરી છે તલાવડી ... ... ... ... ૨૯
ધૂણી ધૂણી જળે ને ઝગઝગે ... ... ... ... ૧૦૭
નાથ! જ્યાં જ્યાં હું જોઉં ત્યાં તું જ રે ... ... ૧૧૯
નાથ! મને એક જ તારી ઓથ ... ... ... ૮૨
નાથ હો! ભરભર લઉં આનંદ ... ... ... ૧૨૧
નેણાંમાં વસી મારો સાહેબ ટમકે રે ... ... ... ૧૪
પ્રભુ! તારાં તેડાં તે આવશે ક્યારે ... ... ... ૧૨૯
પ્રભુશું પ્રીત નથી કંઈ સહેલ... ... ... ... ૪૦
પ્રાણ! હવે તું છોડ અંધારી... ... ... ... ૧૦૫
બાપુ! ન તારાથી કર્મ કો ન્યારાં ... ... ... ૭૬
બાબા! છોડ કર્મની છાયા ... ... ... ... ૭૪
મન મારું કેમ વાળું રે ... ... ... ... ૪૨
મનવા! છોડ બધી તુજ માયા ... ... ... ૪૮
મારા આત્માનો સગો તું નાથ! સાચ રે ... ... ૧૦
મારા માલિકને દરબાર રે ... ... ... ... ૯૫

મારાં નેહનમન તમ ચરણે, ગુરુજી! નિત્ય હો... ... અર્પણ
મારાં પાપે આ અંતર મેલું થયું ... ... ... ૬૫
મારી આ થાળ સ્વીકારો, કૃપાઘન ... ... ... ૩
મારે લાખ લાખ આંખના પ્રકાશ, હો નાથજી... ... ૩૨
મારો રાજ ઊભો આવી દ્વારે... ... ... ... ૧૧૭
રાખમાં જળે છે અંગારા, રે ભાઈ ... ... ... ૩૬
રે પ્રભુ! કેમ તને બતલાવું... ... ... ... ૯૦
રે મન! કાં રહે એકલરંગી... ... ... ... ૭૮
વચન તું કેમ ભૂલે રે ... ... ... ... ૫૯
વહાલાં! મીઠી મીઠી વાગે દૂર કો ઘંટડી ... ... ૧૩૩
વિલસે વિશ્વલીલા વસંતે ... ... ... ... ૧૨૭
શું સામે આવે અંધારાં ... ... ... ... ૯૯
સંત જીવે રે સંત જીવે જીવન જગત કાજ આપ ... ૭૨
સંત વિના કોણ બતાવે પ્રભુપંથ ... ... ... ૨૦
સંતો! અણદીઠાં દીઠાં આજ રે ... ... ... ૧૦૯
સંતો! કોણ અગમ સમજાવે... ... ... ... ૯૩
સેવા કરો રે લોકદેવની ... ... ... ... ૬૯
હદ બેહદ હું તો ઊડું આકાશે રે ... ... ... ૧૧૫
હું તો જીવું કરી કાલે કાલ રે ... ... ... ૫૦